બિન નિવાસી ભારતીયો (NRIs)/ ભારતીય મૂળનાં વ્યકિતઓ (પી આઈ ઓ) માટે
આંતરરાષ્ટ્રિય ક્રેડિટ કાર્ડ ની સુવિધા.
એ પી (ડી આઈ આર શ્રેણી) પરિપત્ર નં.40 (નવેમ્બર 5, 2002)

**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા**
**વિદેશી મુદ્રાય નિયંત્રણ વિભાગ**
**કેન્દ્રીય કાર્યાલય**
**મુંબઈ 400 001**

એ પી (ડી આઈ આર શ્રેણી) પરિપત્ર નં.40

5 નવેમ્બર, 2002

પ્રતિ,
તમામ વિદેશી ચલણ માટેનાં આધિકારીક ડીલર્સ

બહેનશ્રી / સાહેબશ્રી,

**બિન નિવાસી ભારતીયો (એન આર આઈ)/ ભારતયી મૂળનાં વ્યકિતઓ (પી આઈ ઓ) માટે**
**આંતરરાષ્ટ્રિય ક્રેડિટ કાર્ડ ની સુવિધા.**

આ સાથે તમામ આધિકારીક ડીલર્સનું ધ્યાન તા. 27 જૂન, 2002નાં આંતરરાષ્ટ્રિય ક્રેડિટકાર્ડનાં વપરાશ સંબંધી એ.પી. (ડી આઈ આર શ્રેણી) ની પરિપત્ર No.53 તરફ દોરવામાં આવે છે.

2. આથી જણાવવામાં આવે છે કે આધિકારીક ડીલર્સ એન આર આઈ/પી આઈ ઓ, ને આર બી આઈ ની કોઇપણ પૂર્વ મંજૂરી વગર આંતરરાષ્ટ્રિય ક્રેડિટકાર્ડની સુવિધા ફી શકશે. આ લાભ લેવા માટે શરત એ રહેશે કે આ આંતરરાષ્ટ્રિય ક્રેડિટકાર્ડનો વપરાશ તથા તેને લગતા ખર્ચાઓનું ભુગતાન એનઆરઆઈ/પીઆઈઓ, દ્વારા અથવા તો વિદેશથી મોકલવામાં આવે. અથવા તેમનાં એન આર ઇ ખાતાં / એફ સી એન આર ખાતામાંથી કરવામાં આવે.

3. તમામ આધિકારીક ડીલરોએ આની જાણ લાગતાં - વળગતાંને કરી દેવી.

4. આ પરિપત્રમાં આપેલ સૂચનાઓ ફોરેન એકસચેન્જ મેનેજમેન્ટ એકટ, 1999 (42 of 1999). કલમ 10(4) અને કલમ 11(1) અંતર્ગત કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

ગ્રેસ કોશી
મુખ્ય મહા પ્રબંધક